**DATE: 11/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### બાલાની ચાલમાં ખુલ્લા મેદાનમાં જુગાર રમાડાતો હતો

# અંકલેશ્વરમાં આંકડાનો જુગાર પણ ડિઝિટલ બન્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર બાલાની ચાલમાં ખુલ્લા મેદાનમાં મોબાઈલ પર આંક ફરકનો જુગાર લખી લખાવી રમાડવામાં આવી રહ્યો છે. જે આધારે અંકલેશ્વર શહેર પોલીસની સર્વેલન્સ ટીમે દરોડા પાડ્યા હતા જ્યાં સુરતના 2 ઈસમો સાથે મેળાપીપળામાં મુક્તિધામ સોસાયટી જી.ઈ.બી પાછળ રાહત હિતેશ ભુપેન્દ્ર પટેલ નામના ઈસમ પોતાના મોબાઈલ પર વોટ્સએપ એપ્સ માં બિઝનેસ એકાઉન્ટ એપ્સ બનાવી જુગાર રમાડતા પોલીસે રંગે હાથ ઝડપી પાડ્યો હતો. પોલીસે જુગારીયા એવા હિતેશ પટેલ પૂછપરછ કરતા તે આંક ફરક નો જુગાર મોબાઈલ માં લખી સુરત ના ઈસમ ને મોકલતો હતો સુરત ખાતે રહેતા આલાપ ટેલર અને સુરેશ રાઠવા ને મોકલી આપતો હતો. અને વોટ્સઅપ પર બિઝનેસ એપ્સ બનાવી જુગાર રમાડતો હતો જે આધારે પોલીસે તેની પાસે રહેલ 30 હજારની વીવો મોબાઈલ તેમજ અંગઝડતીમાંથી 11.850 રૂપિયા મળી કુલ 41.850 રૂપિયાનો મુદામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 12/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# સારંગપુર ગામના નવી નગરીમાંથી બુટલેગર ઝબ્બે

અંકલેશ્વર | અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથક સ્ટાફ પેટ્રોલીંગમાં હતો, તે દરમિયાન સારંગપુર ગામ ની નવી નગરીમાં રહેતા બુટલેગર મનીષ કાલિદાસ વસાવા એ પોતાના મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેચાણ કરી રહ્યો હોવાની મળેલી માહિતી ના , આધારે જીઆઈડીસી પોલીસે સ્થળ પર દરોડા પાડ્યા હતા, જ્યાં સ્થળ પરથી પોલીસે ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે મનીષ વસાવા ની અટકાયત કરી રૂપિયા 28 હજાર ઉપરાંતનો ઈંગ્લીશ દારૂનો જથ્થો અને મોબાઈલ મળી રૂપિયા 34 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અન્ય એક બુટલેગરને વોન્ટેડ જાહેર કરી વિરુદ્ધ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

**DATE: 12/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ચોરખાનામાં દારૂની બોટલો સંતાડાઈ હતી

# માંડવા ટોલ પ્લાઝા પાસે કારમાંથી વિદેશી દારૂ મળ્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી ની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે ભરૂચ પાસિંગ ની ટુરિસ્ટ સિયાઝ ગાડી માં દમણ થી વડોદરા દારૂ જથ્થો લઇ જવામાં આવી રહ્યો છે જે આધારે એલસીબી પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન ચોક્કસ માહિતી વારી ગાડી આવતા જ પોલીસે તેને માંડવા ટોલ પ્લાઝા પાસે આંતરી હતી જો કે એક તબક્કે ગાડી માં મુસાફરો હોવાથી પોલીસ પણ દ્વિધામાં હતી. પણ માહિતી પાક્કી હોવાથી ગાડી નું સર્ચ કરતા ગાડી માં ચોરખાનું મળી આવ્યું હતું. જેમાં ઈંગ્લીશ દારૂ ની 750 એમ.એલ ની દારૂ નો જથ્થો મળી આવ્યો હતો. મૂળ વડોદરા ના કાર ચાલક હર્ષદ પરમારની પૂછપરછ કરતા પોલીસ સમક્ષ તે ભાગી પડ્યો હતો અને દારૂ નો જથ્થો ગાડી માં હોવા ની જાણ મુસાફરો ના જાણતા હોવાનું અને તેને આ જથ્થો દમણ વાઈન શોપ માંથી લીધો હોવાની કબૂલાત કરી હતી અને આ જથ્થો વડોદરા ના પ્રતાપ ટોકીઝ પાછળ રહેતા કુખ્યાત બુટલેગર હિતેશ પટેલ ને આપવાનો હતો. એલસીબી પોલીસે મુસાફર તરીકે રહેલા 4 મહિલાઓ ની પ્રાથમિક વિગતો મેળવી પૂછપરછ કરી જવા દીધી હતી. જ્યારે કાર ચાલક હર્ષદ પરમાર ની ધરપકડ કરી હતી અને હિતેશ ઉર્ફે સોમાભાઈ પટેલ અને દમણ ના ઈસમ ને વોન્ટેડ જાહેર કર્યો હતો પોલીસે કુલ 750 એમ.એલ ની 72 બોટલ કિંમત રૂપિયા 36,000 તેમજ સિયાઝ ગાડી અને મોબાઈલ મળી કુલ 3.46 લાખ રૂપિયા ઉપરાંત નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 13/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–10**

### ડીએસપીએ વાગરા પોલીસ અને સ્ટાફની કામગીરી બિરદાવી

# મારુતી કાર બોલેરો સાથે ટોઈંગ કરી પહાજના બેને રેસ્ક્યૂ કરી બચાવ્યાં

## વાગરા તાલુકામાં ૬ કલાકમાં જ ૬ ઈંચ વરસાદ ખાબક્યો

| વાગરા |

વાગરા તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં ૮ ઈંચ વરસાદ પડતા ઠેરઠેર જગ્યા એ પાણી પાણી થઈ ગયુ હતુ. સવારે છ કલાકમાં જ ૬ ઈંચ કરતા વધુ વરસાદ વરસતા અનેક જગ્યાએ પાણી નો ભરાવો થતા જનજીવન પર ભારે અસર વર્તાઈ હતી.તો બીજી તરફ પહાજ ગામના બે લોકોની વેગન આર કાર વસ્તીખંડાલી ગામે જતા નાળામાં પાણીના ધસમસતા પ્રવાહ માં તણાવા લાગી હતી. જેને વાગરા પોલીસ વિક્રમસિંહ રણા અને જવાનો એ રેસ્કયુ કરી બે જણને બચાવી લેતા જિલ્લા પોલીસ વડાએ તેમની કામગીરીને બિરદાવી હતી.



વસ્તીખંડાલી ગામે પોલીસે કારનુ રેસક્યુ કરી બે વ્યક્તિને બચાવ્યા હતા.

વાગરા તાલુકામાં સવારે ૬ થી ૧૨ વાગ્યા સુધી માત્ર ૬ કલાકમાં જ ૬ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાતા નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા હતા.જેને પગલે જનજીવન ઉપર ભારે અસર થવા પામી હતી.કેટલાક ઘરોમાં પાણી ભરાતા ઘર માલીકો ચિંતામાં મુકાઈ ગયા હતા.ભરૂચ જિલ્લામાં સૌથી વધુ વાગરા તાલુકામાં દેમાર વરસાદ થતા ખેતરોમાં પાણી પાણી થતા વાવેલ બિયારણ નિષ્ફળ જવાની ભીતિ વચ્ચે જગતના તાત ની મુશ્કેલીમાં વધારો થવા પામ્યો છે. ભારે વરસાદ ની વચ્ચે

**DATE: 15/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પકડાઇ જવાની બીકે નામ બદલી માળીનું કામ કરતો હતો

# ભરૂચ તાલુકામાં 1986ની ઘરફોડ ચોરીનો વોન્ટેડ આરોપી 36 વર્ષે મોરબીથી ઝડપાયો

### પોલીસે ત્રણ દિવસ શ્રમિકના વેશમાં વિસ્તારમાં તપાસ કરી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં વર્ષ 1986માં એબીસી કોલોનીમાં તસ્કર ટોળકીએ 39 હજારની ઘરફોડ ચોરી કેસમાં છેલ્લાં 36 વર્ષથી વોન્ટેડ આરોપીને પેરોલ ફર્લો સ્કવોર્ડની ટીમે મોરબીથી ઝડપી પાડ્યો હતો. પોલીસથી બચવા માટે આરોપી નામ બદલી રહેતો હતો. જોકે, પોલીસે ત્રણ દિવસ સુધી શ્રમિકનો વેશ બદલી આરોપીની ચોક્કસ વિગતો મેળવી તેને દબોચી લીધો હતો. ટીમે આરોપીને તાલુકા પોલીસને સોંપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વર્ષ 1986માં ભરૂચની એબીસી કોલોનીમાં શ્રમજીવી તરીકે કામ અર્થે આવતી દાહોદની ટોળકીએ એક મકાનમાં હાથફેરો કરી 39



હજાર ઉપરાંતની સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી હતી. ચોરીમાં દાહોદના વરમખડા ખાતેના વતની નારસિંગ જવલા બારિયાની સંડોવણી હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. ચોરીની ઘટનાના 36 વર્ષથી તે વોન્ટેડ હતો. દરમિયાનમાં ભરૂચ પેરોલ સ્કવોર્ડના પીએસઆઇ ડી. આર. વસાવા તેમજ તેમની ટીમના હેકો મગનભાઇ, નિલેશભા તેમજ પોકો રાકેશભાઇએ દાહોદ ખાતે તપાસ કરાવતાં તેમના પરિવારજનોએ તેના કોઇ સગડ આપ્યાં ન હતાં. જોકે, બાદમાં પોલીસે વેશબદલી તેને સરકારી સહાય મળવાની છે તેમ જણાવતાં તે હાલમાં મોરબી તાુકાના જેપુર ખાતે એક વાડીમાં માળીનું કામ કરતો હોવાની વિગતો મળી હતી. જેના પગલે ટીમે મોરબી પહોંચી ત્રણ દિવસ સુધી શ્રમજીવીનો વેશ કરી તેને શોધતાં તે રસીકભાઇ નામના શખ્સની વાડીમાં કામ કરતો હોવાનું માલુમ પડતાં આખરે ટીમે તેને ઝડપી પાડી ભરૂચ લાવી તાલુકા પોલીસને સોંપ્યો હતો.

### એશિયન પેઈન્ટનો 43 લાખનો કલર સગેવગે કરાયો

# અંક્લેશ્વરમાં કંપની સાથે ઠગાઈ કરનાર ત્રણ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અમદાવાદની ડેલ્હી વેરી ફેઈટ સર્વિસીસ કંપની ને એશિયન પેઈન્ટ કંપની માથી કલર પશ્ચિમ બંગાળ ખાતે પહોંચાડવા માટે ઓર્ડર આપવામાં આવ્યો હતો. અને ટ્રક માં રૂપિયા 43 લાખ ના 1790 નંગ કલર ના બોક્સ ભરી ટ્રક ચાલક પ્રભાત હીરા ઠાકોર હુબલી ખાતે જવા રવાના થયો હતો. જે બાદ આ ટ્રક વડોદરા ની દુમાડ ચોકડી નજીકથી ખાલી હાલતમાં મળી આવી હતી. હરેન્દ્રસિંહ પરમાર તેમજ ટ્રક ચાલક પ્રભાત ઠાકોર વિરુદ્ધ જીઆઈડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના થુવાવી ગામના પ્રજ્ઞેશકુમાર પટેલ , વડોદરા ના હરેન્દ્રસિંહ પરમાર તેમજ સુરત વરાછા વિસ્તારમાં રહેતા સંદીપ ગિરી ધીરજ ગીરી ગોસ્વામી ની ધરપકડ કરી હતી,અને તેઓ એ આ ગુનાની કબૂલાત કરતા અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે ત્રણ આરોપીઓની ટ્રાન્સફર વોરંટ સાથે ધરપકડ કરી છે.

**DATE: 17/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### પોલીસે ઝડપાયેલા બંને શકમંદોની ઘનિષ્ઠ પૂછપરછ હાથ ધરી

# વાગરામાં ચોરીના 14 મોબાઈલ સાથે પંજાબના બે જણાં ઝડપાયાં



ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

વાગરાના હનુમાન ચોકડીથી વાગરા તરફ આવતાં પંજાબના બે શખ્સોને પોલીસે ચોરીના શંકાસ્પદ 14 મોબાઈલ સાથે ઝડપી પાડ્યાં હતાં. વાગરા પોલીસ મથકના સબ ઈન્સ્પેક્ટર વી. એ. રાણાને ચોક્કસ બાતમી મળી હતી કે, હનુમાન ચોકડીથી વાગરા તરફ આવતાં બે શખ્સો પાસેથી થેલીમાં શંકાસ્પદ મોબાઈલનો જથ્થો છે. જેના પગલે ટીમે રોડ પર વોચ ગોઠવી હતી. દરમિયાનમાં બે શખ્સો આવતાં તેમની પાસેની થેલીમાં કુલ 66 હજાર ઉપરાંતની મત્તાના 14 મોબાઈલ હોવાનું માલુમ પડ્યું હતું. બન્નેના નામની પુછપરછ કરતાં તેમના નામ મંગલસિંગ સુખદેવસિંગ શીખ તેમજ અમરજીતસિંગ સુખદેવસિંગ મજભીશીખ (બન્ને મુળ રહે અમૃતસર, પંજાબ જ્યારે હાલ રહે સંજરી હોટલ, ભરૂચ) હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસની પ્રાથમિક પુછપરછમાં તેમણે ગલ્લાતલ્લા કરતાં પોલીસે સીઆરપીસી 41(1)ડી હેઠળ તેમની વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. દરમિયાનમાં ઉલટ તપાસમાં તેઓએ વાગરા પંથકમાં જ ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. જોકે, પોલીસે બન્નેની ઉલટ તપાસ શરૂ કરી ક્યાંથી ચોરી કરી તેમજ ક્યાં ક્યાં ચોરી કરી તે સહિતની વિગતો મેળવવાની કવાયત હાથ ધરી છે.

**DATE: 17/07/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચની એક હોટલ ખાતે પશુઓ પહોંચાડવાના હતાં

# જંબુસરમાં બોરસદથી 34 પશુ ભરી ભરૂચ આવતી ટ્રક-ટેમ્પો ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસરની ડાભા ચોકડી પાસેથી પોલીસની ટીમે પશુઓની હેરાફેરી કરતી એક ટ્રક તેમજ એક ટેમ્પો ઝડપી પાડ્યો હતો. બન્ને વાહનોમાંથી કુલ 34 પશુઓને બચાવી પોલીસે કરજણ પાંજરાપોર ખાતે મોકલી આપ્યાં હતાં. પ્રાથમિક પુછપછરમાં તેઓ બોરસદથી પશુઓ લાવી ભરૂચની એક હોટલ ખાતે લઈ જઈ રહ્યાં હોવાનું કબુલ્યું હતું. જંબુસર પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક ટ્રક અને ટેમ્પોમાં પશુઓની હેરાફેરી થઈ રહી છે. જેના પગલે તેમણે ડાભા ચોકડી પાસે વોચ ગોઠવી હતી. દરમિયાનમાં ચોક્કસ બાતમી મુજબની એક ટ્રક તેમજ આઈશર ટેમ્પો ત્યાં આવતાં પોલીસે બન્નેને અટકાવતાં ટેમ્પો ચાલકત્યાંથી નાસી છુટ્યો હતો. જ્યારે 3 જણાને પોલીસે ઝડપી પાડ્યાં હતાં. ટીમે ટ્રક તેમજ ટેમ્પોની તલાશી લેતાં તેમાં કુલ 34 ભેંસને ક્રૂરતાપુર્વક બાંધી હોવાનું જણાયું હતું. ઉપરાંત પશુઓ માટે ઘાસચારો કે પાણી સહિતની અન્ય કોઈ વ્યવસ્થા રાખવામાં આવી ન હતી. જેના પગલે પોલીસે તમામ પશુઓને તાત્કાલિક કરજણ ખાતેના પાંજરાપોળમાં મુક્ત કરાયાં હતાં. જ્યારે આરોપીઓની પુછપરછ કરતાં તેમના નામ અલ્તાફ ફિરોજ દિવાન રહે. પાલેજ, અફજલ અકબર ટોપીવાલા તેમજ ઇશાક મુસા બંધુકિયા બન્ને રહે વલણ હોવાનું માલુમ પડ્યું હતું. ઉપરાંત નાસી ગયેલાં ટેમ્પો ચાલકનું નામ સલીમ મઠીયા (રહે. વલણ) હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત તેમણે કબુલ્યું હતું કે, તેઓએ બોરસદથી પશુઓ ભર્યાં હતાં. જે ભરૂચની એક હોટલ ખાતે પહોંચાડવાના હતાં. ઘટનાને પગલે જંબુસર પોલીસે ગુનો નોંધી પશુઓ તેમજ બે વાહનો મળી કુલ 21.10 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચારેય વિરૂદ્ધ પશુ ક્રૂરતા નિવારણ અધિનીયમની કલમ હેઠળ ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.